



# 5 બાબતો જેના વિશે તમારે જાણવું જોઈએ

# New Jersey (ન્યુ જર્સી) માં વંશીય પરિચાલન પર પ્રતિબંધ

1 **ન્યુ જર્સીનો ભેદભાવ સામેનો કાયદો (New Jersey Law Against Discrimination (LAD)) સ્થાવર મિલકત દલાલો અને મકાન પ્રદાતાઓને "વંશીય પરિચાલન" માં સામેલ થવા પર પ્રતિબંધિત કરે છે.** વંશીય પરિચાલન એ વાસ્તવિક અથવા કથિત રીતે વંશીય અથવા રાષ્ટ્રીય મૂળના આધારે ઉપલબ્ધ આવાસોને અથવા તેનાથી દૂર દિશા નિર્દેશન દ્વારા મકાન ભાડે આપવા અથવા ખરીદવા માટેની કોઈની પસંદગીઓને મર્યાદિત કરવાની એક પ્રથા છે.

2 **કોઈ સ્થાવર મિલકત દલાલ અથવા મકાન પ્રદાતા જ્યારે આંવુકરે છે તો તેને વંશીય પરિચાલન કહેવાય છે:** (1) ગ્રાહકોને તેમના વંશ અથવા રાષ્ટ્રીય મૂળને કારણે, કોઈ ખાસ પડોશ અથવા શહેરમાં રહેઠાણ લેવાની સલાહ આપે છે, અથવા કોઈ ખાસ પડોશ અથવા શહેરમાં રહેઠાણ ન લેવાની સલાહ આપે છે; અથવા (2) ગ્રાહકને તેમના વંશ અથવા રાષ્ટ્રીય મૂળને કારણે ઉપલબ્ધ સૂચિબતાવવામાં નિષ્ફળ જાય છે. તેને પરિચાલન કહેવાય છે, ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ સ્થાવર મિલકત દલાલ અશ્વેત પરિવારને માત્ર અશ્વેત પડોશમાં જ ઘરો બતાવે છે અથવા જ્યારે મિલકત મેનેજર લેટિનિક્સ અરજદારોને એપાર્ટમેન્ટ સંકુલમાં બિલ્ડિંગમાં ખાલી એકમો બતાવવાનો ઇનકાર કરે છે જ્યાં મોટી સંખ્યામાં રહેવાસીઓ અમેરિકન-ચિની હોય છે કારણ કે તે વિચારે છે કે કાં તો વર્તમાન ભાડુઆત અથવા અરજદારોને "અસ્વસ્થતા" થશે.

3 **પછીથી આવાસન શોધ પ્રક્રિયામાં પણ ગેરકાયદેસર પરિચાલન થઈ શકે છે.** ઉદાહરણ તરીકે, વિવિધ પડોશમાં એકમો ધરાવતા આવાસ પ્રદાતા, લઘુમતી અરજદારોને મુખ્યત્વે શ્વેત પડોશમાં એપાર્ટમેન્ટ ભાડેથી લેવા માટે અટકાવવા બહુમતી-લઘુમતી પડોશના એકમો માટે ઉપયોગ કરે છે તેના કરતાં મુખ્યત્વે શ્વેત પડોશના એકમો માટે સખત રીતે આવક, ક્રેડિટ અથવા અન્ય માપદંડનો ઉપયોગ કરી શકતા નથી.

4 **સ્થાવર મિલકત એજન્ટ અથવા મકાન પ્રદાતા એંવુમાનતા નથી કે તેઓ વંશવાદી પૂર્વગ્રહથી પ્રેરિત છે અથવા વંશીય અથવા રાષ્ટ્રીય મૂળનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ ન કરે તો પણ પરિચાલન ગેરકાયદેસર છે.** દલાલ માટે માત્ર મુખ્યત્વે શ્વેત વિસ્તારોમાં જ શ્વેત પરિવારોના ઘરો બતાવવાંનુનક્કી કરવુંએ ગેરકાયદેસર છે (અથવા વધુ વિવિધતાવાળા વિસ્તારની ઉપલબ્ધ સૂચિવિશે તે પરિવારોને જાણ ન કરવી), જો કે દલાલ એંવુકહે છે કારણ કે મુખ્યત્વે શ્વેત વિસ્તારોમાં "શાળાઓ વધુ સારી છે" તો પણ. તેવી જ રીતે, જો કોઈ પણ એજન્ટ જ્યાં અનેક ભારતીય-અમેરિકન પરિવારો રહે છે એવા ખાસ પાડોશમાં ભારતીય-અમેરિકન ગ્રાહકોને સૂચિઓ બતાવવાંનુનક્કી કરે છે કારણ કે તેણી માને છે કે તેઓ ત્યાં "વધુ આરામદાયક" રહેશે, તે ગેરકાયદેસર પરિચાલન છે.

5 **LAD ધર્મ, લિંગ ઓળખ અથવા અભિવ્યક્તિ, જાતીય અભિગમ, વિકલાંગતા અને કુંટુંબની સ્થિતિજેવી અન્ય કોઈપણ સુરક્ષિત લાક્ષણિકતાઓના આધારે પરિચાલન પર પણ પ્રતિબંધ મૂકે છે.** આમ, કોઈ સ્થાવર મિલકત એજન્ટ અથવા આવાસન પ્રદાતા ચોક્કસ નગરોથી દૂર રહેવા માંગતા યહુદી પરિવારોંનુપરિચાલન કરતા નથી અથવા કોઈ ખાસ વિસ્તારથી દૂર રહેવા માટેના મકાન શોધનારા બિન-યહૂદી પરિવારોંનુપરિચાલન કરતાં નથી.

વધુ જાણવા અથવા ફરિયાદ નોંધાવવા માટે, અહીં મુલાકાત લો NJCivilRights.gov અથવા અહી કોલ કરો 866-405-3050

NJ Office of the Attorney General
NJCivilRights.gov
DIVISION ON CIVIL RIGHTS

06/10/20